એચ.આઇ.વી./એઇડ્સ અસરગ્રસ્ત બાળકોની શિષ્યવૃત્તિ યોજનાના નામમાં એચ.આઇ.વી./એઇડ્સ ની જગ્યાએ "SERO-POSITIVE ILLNESS" શબ્દનો ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૭/૭૩૬૮૭૪/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮ / ૦૧ / ૨૦૧૯

<u>વંચાણે લીધાઃ</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનથ/૧૦૨૦૦૯/ન.બા.૩૭/છ, તા.૦૨.૦૯.૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનથ/૧૦૨૦૦૯/ન.બા.૩૭/છ, તા.૧૯.૧૨.૨૦૦૯.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનથ/૧૦૨૦૦૯/ન.બા.૩૭/છ, તા.૨૦.૧૧.૨૦૧૩.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૭/૫૯૮૯૮૪/છ, તા.૨૭.૦૨.૨૦૧૮.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની તા.૨૭.૦૭.૨૦૧૮થી કરવામાં આવેલ દરખાસ્ત.

-2-

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨)થી ના ઠરાવથી એચ.આઇ.વી./એઇડ્સના કારણે અનાથ, નિરાધાર થયેલ બાળકોને આશ્રય શિષ્યવૃત્તિ આપવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમાંક: (૩) અને (૪)ના ઠરાવથી એચ.આઇ.વી./એઇડ્સ અસરગ્રસ્ત બાળકો તેમજ અનાથ બાળકોને અપાતી શિષ્યવૃત્તિ અંગેની કામગીરી સ્પોન્સરશીપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટી (SFCAC)ને સોંપવામાં આવેલ છે. આ શિષ્યવૃત્તિનું નામ "એચ.આઇ.વી. પોઝીટીવ/એચ.આઇ.વી. થી અસરગ્રસ્ત બાળકો માટે શિષ્યવૃત્તિ" છે. આ યોજનાના ફોર્મ પર એચ.આઇ.વી. પોઝીટીવ/ એચ.આઇ.વી. થી અસરગ્રસ્ત શબ્દ હોવાથી બાળકના કેર ટેકર કે વાલી, પીડિતની ગુપ્તતાનો ભંગ થવાની સંભાવનાને કારણે ઉક્ત યોજનાનો લાભ લેવામાં ખચકાટ અનુભવે છે. કેર ટેકર અને વાલી દ્વારા વારંવાર આ પ્રકારની રજૂઆતો થવાને કારણે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી પાસેથી ઉક્ત શિષ્યવૃત્તિની યોજના માટે યોગ્ય નામ સૂચવવા માર્ગદર્શન માંગવામાં આવતા ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ દ્વારા તા.૦૭/૦૭/૨૦૧૮ના પત્રથી એચ.આઇ.વી. પોઝીટીવ/એચ.આઇ.વી. થી અસરગ્રસ્ત નામની જગ્યાએ "SERO POSITIVE ILLNESS" શબ્દનો ઉપયોગ કરવાની ભલામણ કરેલ છે. જેથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાના વંચાણે લીધેલ ક્રમાંક: (૫)ના પત્રથી "એચ.આઇ.વી. પોઝીટીવ/એચ.આઇ.વી. થી અસરગ્રસ્ત બાળકો માટે શિષ્યવૃત્તિ" યોજનાનું "SERO POSITIVE ILLNESS થી અસરગ્રસ્ત બાળકો માટે શિષ્યવૃત્તિ" નામાભિધાન કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ</u>

કાળજીપૂર્વકની વિચારણાના અંતે એચ.આઇ.વી./એઇડ્સના કારણે અનાથ, નિરાધાર થયેલ બાળકો માટેની 'એચ.આઇ.વી. પોઝીટીવ/એચ.આઇ.વી. થી અસરગ્રસ્ત બાળકો માટે શિષ્યવૃત્તિ'ની યોજનામાં બાળકની એચ.આઇ.વી./એઇડ્સ અવસ્થાની જાણ બાળકના અભ્યાસના સ્થળે ન થાય તથા પીડિતની ગુપ્તતા જળવાઇ રહે તેમજ તેઓ નિ:સંકોચપણે વિભાગની આ યોજનાનો લાભ લઇ શકે તે હેતુથી આ યોજના પૂરતું એચ.આઇ.વી./એઇડ્સ શબ્દની જગ્યાએ "SERO POSITIVE ILLNESS" શબ્દનો ઉપયોગ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા.૦૮/૦૧/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ધ્વારા).
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ધ્વારા).
- સર્વે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ધ્વારા).
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.